The Borrower having failed to repay the amount, notice is hereby given to the borrower/ Guarantor and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him/her under section s of the said Act read with rule 8 of the Security Interest (Enforcement) Rules, 2002 on this **7nd Day of December of the year 2024.**

The Borrower/Guarantor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **UCO Bank Rs.34,74,311.08 (Rupees Thirty Four Lakhs Seventy Four Thousand Three Hundred Elavan and Eight Paisa Only) inclusive of interest up to 29/12/2023 (Less Credit if any ) in account no. 01770510001530 as on 28/03/2024** and **Rs. 1,49,958.00 (Rupees One Lakh Fourty Nine Thousand Nine Hundred and Fifty Eight Paisa Only ) inclusive of interest up to 29/11/2023 (Less Credit if any) in account no. 01770610012741 as on 28/03/2024** you are also liable to pay Future interest in the contractual rate on the aforesaid amount together with incidental expenses, cost, charges, etc.

The borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**Description of the Immovable Property**

**Property No. 1 :** Residential House/Flat Property Situated at Flat No. P/503, 5th Floor, P Building Vaishnodevi Township, Near Vaishnodevi Blue Bells, Near Shashank Residency, Vaishnodevi Road, Vanakle, Surat - 395005, Measuring 1296 Sq. Ft. (Super Built up Area), Property in the name of Ms. Nishaben Alpeshbhai Dhotijotawala. Bounded by Towards : East : Flat No. 504, West : Adjacent Building, North : Society Road, South : Entry and Passage.

**Property No. 2 :** Residential House/Flat Property Situated at Flat No. A/2/206, 2nd Floor, A-2 Building, Shyam Vatika, Near Deep Darshan School Deladva Village Road, Deladva, Surat - 394210. Measuring 605 Sq. Ft. (Super Built Up Area), Property in the name of Mr. Ranchhodbhai Samarathaji Dewashi. Boundaries of the Site : East : Flat No. 205, West : Adjacent Building, North : Stair, Lift and Flat No. 201, South : Open Space.

**Date : 07/12/2024** **Authorised Officer,**
**Place : Surat** **UCO Salabatpura Branch**

---

इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

**"AADHYA ARCADE"**
**Near Santvan Hospital, VKV Road, Nadiad-387001**
**Tel.: 0268-2528170/202**
**Email : nadiad@indianbank.co.in**

**E-AUCTION ON 26.12.2024 AT 11.00 A.M. to 03.00 P.M.**
**UNDER SARFAESI ACT 2002 "AS IS WHERE IS, AS IS WHAT IS & WHATEVER THERE IS" BASIS through e-auction platform provided at the website https://www.ebkray.in**

**M/s. R P Lasertech**

**Details of the Immovable property (Commercial Property under Symbolic possession)**

All that piece and parcel of Property situated at Mouje Mahudha Revenue Survey No 880/A paiki (0-85-44) (0-03-04), 880/B (0-01-56) Mahudha Block No. 1642 (1-72-45) Paiki (0-62-45) Khata No. 1155, Opp. High School, Dakor Road, Mahudha - 387335 Dt Kheda in the name of **late Premjibhai Kanjibhai Patel. Boundary : East :** Same R S No. Paiki Land of Valjibhai Khimjibhai Patel, **West :** Land of Muljibhai Mavjibhai Patel, **North :** Dakor Highway Road, **South :** Land of Dinubhai Harikrishanabhai M Amin

| | |
|---|---|
| Detail of encumbrance, Outstanding Dues of Local Govt, Electricity, Property tax, Municipal Tax, etc. if any known to the Bank | There is no encumbrance on the property described herein to the best of knowledge & information of the Authorized Officer. |
| Name of the Borrower (s) | **M/s. R P Laser Tech (Prop.), Shri Arpit Rameshbhai Patel (Borrower)** |
| Name of the Guarantor/Mortgagor (s) | **Shri PremjibhaiKanjibhai Patel (Through Legal Hair of Late Shri Premjibhai) (Guarantor and Mortgagor), Shri Rameshbhai Premjibhai Patel (Guarantor)** |
| Amount of Secured debt | **Rs. 51,19,830/-** as per demand notice dated **16.03.2023,** Plus interest till the date of realization & cost, charges & other expenses |
| Reserve Price | **Rs. 82.80 Lacs** |
| Earnest Money Deposit | **10% of Reserve Price** |
| Last Date & time for Submission of Process compliance Form with EMD amount | **On 25.12.2024 up to 8.00 P.M.** E-auction through **https://www.ebkray.in** Registration should be completed by Intending bidder on or before EMD Date and there should be EMD balance in global wallet. |
| Date and Time of e-Auction | **On 26.12.2024 Between 11.00 A.M to 03.00 P.M. with unlimited extension. Bid Incremental Value is Rs. 10,000/-** |
| **For further details and Terms & Conditions, contact : Mr. Rajesh Kumar Singh, Chief Manager Ph.: 079-27431248, Mo.: 9833775789, 8999910549 E-mail: zoahmrecovery@indianbank.co.in, zoahmedabad@indianbank.co.in** | **For downloading further details and Terms & Conditions, please visit: I. https://www.indianbank.in II. https://www.ebkray.in** |

**Important note for the prospective bidders**

Bidder has to complete following formalities well in advance :

**Step 1 : Bidder / Purchaser Registration :** Bidder to register on e-Auction portal (link given above) **https://www.ebkray.in** using his mobile number and email-id.

**Step 2 : KYC Verification:** Bidder to upload requisite KYC documents. KYC documents shall be verified by e-auction service provider (may take 2 working days).

**Step 3 : Transfer of EMD amount to his Global EMD Wallet :** Online/off-line transfer of fund using NEFT/Transfer, using challan generated on e-Auction portal.

Step 1 to Step 3 should be completed by bidder well in advance, on or before EMD date.

**Date : 07.12.2024** **Authorized Officer**
**Place : Ahmedabad** **Indian Bank**

**Note: This is also a notice to the borrower/guarantors/mortgagors of the above said loan about holding of this sale on the above mentioned date and other details.**

### ફરી એક વખત સરકારી અને ખાનગી ક્ષેત્રમાં એનપીએ વધવા લાગ્યા

# આ વર્ષના પ્રથમ છ માસમાં રૂ. ૪૨ હજાર કરોડ લોન માંડવાળ કરી

મુંબઇ, તા.૧૦

ભારતીય બેંકો દ્વારા પાંચ વર્ષ પહેલા એનપીએ સામે સફળ કરાયેલી ઝુંબેશ બાદ ફરી એક વખત બેન્કોમાં બેડ લોન વધવા લાગી છે અને છેલ્લા પાંચ વર્ષમાં બેન્કોએ રૂ.૯.૯૦ લાખ કરોડની લોન માંડવાળ કરી છે. ૨૦૨૩-૨૪ના વર્ષમાં બેન્કોએ કુલ રૂા. ૧.૭૦ લાખ કરોડની લોન માંડવાળ કરી હતી જ્યારે તેની સામે બેન્કોનું પ્રોવિઝન ૨.૦૮ લાખ કરોડ હતું જ્યારે ચાલુ નાણાંકીય વર્ષમાં પ્રથમ છ માસમાં બેન્કોએ રૂા. ૪૨ હજાર કરોડનું ધિરાણ વસુલાત થઇ શક્ય તેમ ન હતું તે માંડવાળ કર્યું છે. જેમાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, પંજાન નેશનલ બેન્ક, યુનિયન બેન્ક અને બેન્ક ઓફ બરોડા મોખરે છે.

**પાંચ વર્ષમાં બેન્કોએ ૯.૯૦ લાખ કરોડની રાઇટ ઓફ કરવાની બેન્કોને ફરજ પડીઃ સ્ટેટ બેન્ક મોખરેઃ ગત વર્ષે ૧.૭૦ કરોડનું ધિરાણ વસુલ થઇ શક્યું નહીં**

રાજ્યસભામાં આ માહિતી આપતા નાણામંત્રાલયએ સ્પષ્ટતા કરી હતી કે લોન રાઇટઅપ કે માંડવાળ કરવાથી ધિરાણ લેનારની જવાબદારી પુરી થઇ જતી નથી અને તે રકમ વસુલાત કરવાના પ્રયત્ન ચાલુ જ છે અથવા તો તે લોન વસૂલાત માટે બેડ બેન્કને વેંચી દેવામાં આવે છે તે મુજબ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાએ ચાલુ નાણાંકીય વર્ષમાં પ્રથમ છ માસમાં રુા. ૮૩૧૨ કરોડ પંજાબ નેશનલ બેન્કે ૮.૦૬૧ કરોડ, યુનિયન બેન્કે ૬૩૪૪ અને બેન્ક ઓફ બરોડાએ રૂ.૫૯૨૫ કરોડ માંડવાળ કર્યા છે. જ્યારે આ સમય દરમ્યાન રુા. ૩૭૨૫૩ કરોડની વસૂલાત થઇ હતી. બેન્કોએ છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૯.૯૦ લાખ કરોડની બેન્કોએ જે લોન માંડવાળ કરી છે તેમાં ૨૦૧૯-૨૦માં સૌથી વધુ રકમ ૨.૩૪ લાખ કરોડની રકમ એનપીએમાં હતી તે રાઇટઅપ કરી છે. જો કે બેન્કોએ તેની સામે પુરું પ્રોવિઝન રાખ્યું હતું જેના કારણે બેન્કોને તેની નફા શક્તિ પર કોઇ મોટી અસર થઇ નથી. બન્ક દ્વારા જે ધિરાણ વસુલાતું ન હોય તેને તબક્કાવાર એનપીએમાં મુકવામાં આવે છે અને બાદમાં તે રકમ સામે પ્રોવિઝન પણ થાય છે અને તેથી જ બેન્કો આ લોન શક્ય તેટલી વધુ વસુલવા પ્રયત્ન કરે છે. પરંતુ જો ન વસુલાય તો તે બેડ બેન્કને બેલેન્સીટ સ્વચ્છ રહે છે.

### હાજર બજારમાં સોનામાં ૧૦૦૦, ચાંદીમાં ૨૫૦૦નો ઉછાળો

# સોના-ચાંદીના ભાવો ફરી સળગ્યા

રાજકોટ તા.૧૦

વૈશ્વિકસ્તરે સંદર્ભ, યુદ્ધ અને તનાવના વધતા માહોલ વચ્ચે સોના-ચાંદીના ભાવોમાં વધુ એક વખત ભડકો સર્જાયો છે અને જોરદાર ભાવવધારો થયો છે.વિશ્વબજારમાં સોનાનો ભાવ ૨૬૭૦ ડોલર તથા



ચાંદીનો ભાવ ૩૧.૯૯ ડોલરે પહોંચ્યો હતો. ઘરઆંગણે સોનામાં ૧૦૦૦ અને ચાંદીમાં ૨૫૦૦ રૂપિયાનો ભાવવધારો થયો હતો.

કોમોડીટી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે આવતા સપ્તાહમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વધુ એક વખત વ્યાજદર ઘટાડશે તેવા આશાવાદનો પ્રત્યાઘાત હતો. આ સિવાય ચીનની સેન્ટ્રલ બેંકે છ મહિના પછી ફરી સોનાની ખરીદી શરૂ કરતા માર્કેટનું માનસ બદલાયુ હતું. વિશ્વના અન્ય દેશોની સેન્ટ્રલ બેંકો પણ નવેસરથી ખરીદીમાં ઝુકાવશે તેવો આશાવાદ ઉભો થયો છે.

જાણકારોએ કહ્યું કે આવતા સપ્તાહમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર સ્થિર રાખે અને સાવચેતીની નીતિ અપનાવે તો ટુંકાગાળામાં સોના-ચાંદીના ભાવ પર પ્રેસર આવી શકે છે. જો કે, આ દરમ્યાન યુદ્ધ-ભૌગોલિક ટેન્શનના ઘટનાક્રમો કેવા વળાંક લ્યે છે તે મહત્વપૂર્ણ બનશે.

સીરીયામાં તખ્તાપલટને કારણે પણ સોના-ચાંદીમાં તેજીને નવુ કારણ મળી ગયુ છે. કટોકટી-ભૌગોલિક ટેન્શનમાં સોના-ચાંદી 'સેફ હેવન' ગણાય જ છે. ટુંકાગાળામાં જ હાજર સોનામાં ૩૨ ડોલરનો ભાવવધારો થઈ ગયો હતો.

વૈશ્વિક તેજીને પગલે ઘરઆંગણે સોના-ચાંદીમાં તેજી થઈ હતી. કોમોડીટી એકસચેંજમાં સોનુ ૭૭૬૫૦ તથા ચાંદી ૭૫૨૦૦ હતી.

# સ્નાતક-અનુસ્નાતક માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ફેરફાર કરાશે

**યુનિ. ચેરમેન જગદીશ કુમારે મહત્વપૂર્ણ સંકેત આપ્યા**

મુંબઈ, તા.૧૦

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન(યુજીસી) દ્વારા સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ(સીયુઈટી)માં ૨૦૨૫થી નિષ્ણાતોની પેનલની સમીક્ષા પછી કેટલાક ફેરફાર થશે તેમ યુજીસીના ચેરમેન જગદીશ કુમારે જણાવ્યું છે. યુજીસીએ સીયુઈટી-યુજી અને પીજીના સંચાલનની સમીક્ષા માટે નિષ્ણાતોની સમિતિની રચના કરી છે. યુજીસીના ચેરમેને કહ્યું કે ગત વર્ષોના અભિપ્રાયોના આધાર પર, સીયુઈટી આપનાર વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ, વધુ કુશળ અને અનુકૂળ વાતાવરણ પ્રદાન કરવા માટે પરીક્ષા પ્રક્રિયામાં નિરંતર સુધારા કરવા પણ જરુરી છે. આ ઉમદા હેતુથી, યુજીસીએ ૨૦૨૫ માટે સીયુઈટી-યુજી અને સીયુઈટી-પીજીના સંચાલનની સમીક્ષા માટે એક નિષ્ણાતોની સમિતિની રચના કરી છે.

# વિદિશાના જિલ્લા ભાજપ નેતા સામે બળાત્કારની ફરિયાદ નોંધાઈ

**ભાજપે હાથ ખંખેર્યા, પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હોવાનું કહ્યું**

વિદિશા, તા.૧૦

મધ્યપ્રદેશના વિદિશ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સામે ૨૩ વર્ષીય મહિલા પર કથિત રીતે બળાત્કાર કરવાના કેસમાં ફરિયાદ નોંધાઈ છે. જોકે, ભાજપે આરોપીથી અંતર રાખીને કહ્યું કે, તેણે રાજીનામું આપી દીધું છે. પોલીસ ઈન્સ્પેક્ટર આશુતોષ સિંહ રાજપૂતે જણાવ્યું કે વિદિશા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ યોગેન્દ્ર સિહ સોલંકી વિરુદ્ધ આઈપીસીની ૩૭૬(બળાત્કરા માટે સજા) અને કલમ ૫૦૬ (ગુનાહિત ધમકી) અંતર્ગત એફઆઈઆર નોંધવામાં આવી છે, કારણ કે આ ગુનો જુલાઈમાં ભારતીય ન્યાય સંહિતા(બીએનએસ) લાગુ થયા પહેલાં કર્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટરે કહ્યું કે એક મહિલાની ફરિયાદ પર પાંચમી ડિસેમ્બરે એફઆઈઆર નોંધાઈ હતી.

તપાસના આધાર પર આગળની કાર્યવાહી કરાશે. બળાત્કારના કેસમાં એફઆઈઆર નોંધાયા પછી સોલંકીએ રવિવારે રાત્રે જિલ્લા ભાજપના ઉપપ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધું, પરંતુ આ સાથે તેમણે કહ્યું કે, તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે. જયાં સુધી બળાત્કારના આક્ષેપોમાંથી મુક્ત નહીં થાય ત્યાં સુધી પક્ષના સભ્ય તરીકે નહીં રહે. વિદિશા જિલ્લા ભાજપ પ્રમુખ રાકેશ સિંહ જાદૌને કહ્યું કે, સોલંકી હવે ભાજપમાં નથી. તેમના રાજીનામાનો સોમવારે સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. આ દરમિયાન, પોલીસ અધિકારીએ કહ્યું કે, પીડિત મહિલાનું લાંબા સમયથી જાતીય શોષણ કરવામાં આવી રહ્યું હતું.

ફરિયાદી મહિલાના કહેવા મુજબ આરોપી તેના ઘર સુધી આવી જતો હતો. પોલીસે તેની મેડિકલ રિપોર્ટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલશે.

# લખનૌમાં કર્નલની પત્ની પર સરાજાહેર દુષ્કર્મનો પ્રયાસ, વિરોધ કરતા ઘાયલ કરી

લખનૌ તા.૧૦

અહીં કારમાં જઈ રહેલી કર્નલની પત્નીને એક યુવકે આંતરી તેના પર હુમલો કરી દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો, જેનો પ્રતિકાર કરતા શખ્સે છરી વડે હુમલો કરતા કર્નલની પત્નીએ પોલીસને ફોન કર્યો હતો ત્યારબાદ પોલીસને આવતા જોઈ યુવક નાશી છુટયો હતો. જો કે બાદમાં તેને દબોચી લેવાયો હતો.આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ કર્નલની પત્ની રવિવારે ગોમતીનગરમાં જરૂરી કામ માટે પોતાની કારમાં ગઈ હતી જયાં રસ્તામાં તનિષ્ક અરોરાએ પોતાની કાર કર્નલની પત્નીની કાર સામે ઉભી રાખી હતી. બાદમાં કર્નલની પત્નીની કારમાં ઘુસતા કર્નલની પત્નીએ વિરોધ કરતા યુવકે તેને થપ્પડ મારી હતી. આથી યુવતી ડરી ગઈ તો યુવકે દુષ્કર્મની કોશિશ કરી જેનો યુવતીએ પ્રતિકાર કરતા યુવકે ધારદાર હથિયારથી હુમલો કરતા યુવતી ઘાયલ થઈ હતી. યુવતીએ કોઈપણ રીતે પોલીસ કંટ્રોલને ફોનથી જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચતા આરોપી યુવક ભાગી ગયો હતો.


**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**મહાનગર સેવા સદન**
**ઉત્તર ઝોન ઈજનેર વિભાગ**
**ઓનલાઈન ટેન્ડર નિવિદા**
**ઈ-ટેન્ડર નોટીસ નંબર-૧૨/૨૦૨૪-૨૫ (ઉત્તર ઝોન-પીઆઇયુ)**
**ઉત્તર ઝોનમાં પીઆઇયુ અંતર્ગત જુદા જુદા વોર્ડમાં કામ માટે**

| કુલ ટેન્ડર ૧૨ | તારીખ | સમય |
|---|---|---|
| ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય | ૦૬.૦૧.૨૦૨૫ | સમય બપોરે ૫.૦૦ વાગ્યા સુધી |
| ટેન્ડર ડોક્યુમેન્ટ, ઇ.એમ.ડી અને અન્ય પુરવા જમા કરાવવાની છેલ્લી તારીખ તથા સમય | ૦૭.૦૧.૨૦૨૫ | સમય બપોરે ૫.૦૦ વાગ્યા સુધી |
| ઈ-ટેન્ડરના બીડ ટેન્ડર ખોલવાની તારીખ | ૦૮.૦૧.૨૦૨૫ | સમય સવારે ૧૧.૦૦ વાગ્યે |
| ટેન્ડર વિગતો ઉપલબ્ધ માટેની વેબસાઈટ | www.ahmedabadcity.gov.in www.amc.nprocure.com http//amc.nprocure.com www.nprocure.com | |

ડે.મ્યુનિ. કમિશ્નર (ઉત્તર ઝોન)


# જોઈન્ટ ખાતામાંથી પત્નીએ ૮૦ લાખ ઉપાડી લેતા ખાતાધારકની બેન્ક મેનેજર સામે ફરિયાદ

**ભિલાઈના બેન્ક ઓફ ઈન્ડિયાના મેનેજરે આવડી મોટી રકમ ઉપાડાઇ તેની જાણ ન કર્યાનો આરોપ**

ભિલાઈ તા.૧૦

બેન્ક ઓફ ઈન્ડિયાની ભિલાઈની બ્રાન્ચમાં જોઈન્ટ ખાતામાંથી પત્ની ૮૦ લાખ રૂપિયા ઉપાડીને સાળા સાથે પલાયન થઈ જતા એકાઉન્ટ હોલ્ડરે પત્ની અને સાળા સહિત બેન્ક મેનેજર સામે ફરિયાદ નોંધાવી છે. ખાતાધારકનો આરોપ છે કે આવડી મોટી રકમનો ઉપાડ થતા પહેલા બેન્ક મેનેજરે તેને જાણ નહોતી કરી. આ મામલે કોઈ કાર્યવાહી ન થતા ખાતાધારકે કોર્ટમાં ધા નાખતા કોર્ટે બેન્ક મેનેજર, પત્ની, સાળા સામે કેસ દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ નટરાજ મુદલિયાર ભિલાઈ સ્ટીલ પ્લાન્ટમાંથી ૨૦૧૯માં નિવૃત થયા હતા અને ફંડમાં ૮૦ લાખ રૂપિયા મળ્યા હતા. જે તેના બેન્ક ઓફ ઈન્ડિયામાં પત્ની રાજકુમારી મુદલિયાર સાથેના જોઈન્ટ ખાતામાં જમા કર્યા હતા. નિવૃતિ બાદ પત્ની અને સાળાએ રકમ કોઈ સ્કીમમાં રોકાણ કરવાની વાત કરી હતી. જેથી તેણે ચેક પર સાઈન કરીને પત્નીને આપ્યો હતો. નટરાજ એક મહિના બાદ કેટલીક રકમ તેની માના ખાતામાં જમા કરવા માંગતા હતા. તેના માટે તે ચેક લઈને બેન્ક પહોંચ્યા હતા. જયાં તેમને ખબર પડી કે ખાતામાં પૈસા જ નથી. બધી રકમ પત્નીએ ઉપાડી લીધી હતી અને પત્ની ભાઈ સાથે ચેન્નાઈ ભાગી ગઈ હતી.

ખાતાધારકે આક્ષેપ લગાવ્યો હતો કે મારા ખાતામાંથી આવતી મોટી રકમ ઉપાડાઈ છતાં બ્રાન્ચ તરફથી મને કોઈ સૂચના નહોતી મળી.

### મૃતકોમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ

# ઉત્તર પ્રદેશના હાથરસમાં એક ભયાનક અકસ્માતમાં ૭ લોકોના મોત થયા

લખનૌ,તા.૧૦

ઉત્તર પ્રદેશના હાથરસમાં એક ભયાનક અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે. ૮ લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. મૃતકોમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. મુસાફરોને લઈ જઈ રહેલી ટાટા મેજિક કાબૂ બહાર ગઈ અને ટ્રક સાથે અથડાઈ. ટ્રક કાબુ બહાર જઈને પલટી ખાઈ ગઈ હતી. ટાટા મેજિક હાથરસના કુમરાઈ ગામથી એટાના નાગલા ઈમલિયા ગામ જઈ રહ્યું હતું. તમામ લોકો યુપીના રહેવાસી છે. યુપીના સીએમ યોગી આદિત્યનાથે દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે. પોલીસ સ્ટેશન કોતવાલી હાથરસ જંક્શન વિસ્તારના સલેમપુર પાસે વાહનોની ટક્કર થઈ હતી. ગંભીર રીતે ઘાયલ લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. માર્યા ગયેલા તમામ સાત લોકો મેજિકમાં મુસાફરી કરી રહ્યા હતા.એવું કહેવામાં આવી રહ્યું છે કે દરેક વ્યક્તિ કેન્સરથી પીડિત ૬૦ વર્ષના વ્યક્તિને સારવાર માટે હોસ્પિટલ લઈ જઈ રહ્યા હતા. મેજિકમાં લગભગ ૨૦ લોકો સવાર હતા. સલેમપુર બરેલી-મથુરા રોડ પર અકસ્માત સર્જાયો હતો. ટ્રક સાથે અથડાતા જ જાદુની કસોટી અદ્દશ્ય થઈ ગઈ. કાર ઘણી વખત પલટી મારી ખાડામાં પડી હતી. અકસ્માત બાદ એક મહિલાનું સારવાર માટે હોસ્પિટલ લઈ જતા રસ્તામાં જ મોત નીપજયું હતું.

# રીલાયન્સ આગામી વર્ષે ત્રણ બીલીયન ડોલરનું નવું ધિરાણ મેળવશે

**૬ જેટલી બેન્કો સયુક્ત રીતે રીલાયન્સને ધિરાણ કરશેઃ ઉંચા વ્યાજની લોન પરત કરવાનો ઈરાદો**

મુંબઇ, તા.૧૦

દેશની ટોચની કંપની રીલાયન્સ ઇન્ડસ્ટ્રી આગામી વર્ષ સુધીમાં ત્રણ બીલીયન ડોલરનું ધિરાણ મેળવશે. બેન્કો દ્વારા આ અંગે રીલાયન્સને ધિરાણ આપવા માટે સીન્ડીકેટ બનાવવામાં આવી છે. રીલાયન્સ આ ધિરાણનો ઉપયોગ અગાઉની ઉંચા વ્યાજની લોન તથા તેના વ્યાજની ભરપાઇમાં કરશે. મુકેશ અંબાણી આ અંગે બેન્કો સાથે લાંબા સમયથી વાતચીત કરી રહ્યા છે અને અડધો ડઝન જેટલી બેન્કોએ સંયુક્ત રીતે રીલાયન્સને આ ધિરાણ આપવા માટે સમંતી દર્શાવી હોય તેવા સંકેત છે. ૨૦૨૩ પછી પહેલી વખત રીલાયન્સ આ રીતે ધિરાણ મેળવવા માર્કેટમાં આવી છે. અગાઉ તેણે ૮ બીલીયન ડોલરનું ધિરાણ મેળવ્યું હતું જેનો ઉપયોગ તેની જીયો ઇન્ફોકોમ સહિતની કંપનીઓમાં નવા રોકાણકાર તરીકે કર્યું હતું.


**આદિનાથ એક્ઝિમ રિસોર્સિસ લિમિટેડ**
CIN: L65100GJ1995PLC024300
રજી. ઓફિસ: 601, એસ્ટ્રોન ટાવર સામે, ઇસ્કોન મંદિર, કાસાલા ટાવર નજીક, સેટેલાઇટ, અમદાવાદ - 380015. ફોન. 6351738619 :
મેલ: aerlnodalofficer@gmail.com • વેબ: www.adinatheximresources.com

**સભ્યોને પોસ્ટલ બેલેટ અને ઈ-વોટિંગની સુવિધા વિશે માહિતી**

આથી જાણ કરવામાં આવે છે કે કંપની અધિનિયમ, 2013 (અધિનિયમ) ની કલમ 110 અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, 2014 ના નિયમો 20 અને 22 ની જોગવાઈઓ અનુસાર, સામાન્ય પરિપત્ર નંબર 20/2020 દ્વારા તા. 5 મે, 2020 અનુક્રમે 8મી એપ્રિલ, 2020, 13મી એપ્રિલ, 2020, 25મી સપ્ટેમ્બર, 2023 અને ૧૯ સપ્ટેમ્બર, 2024 ના રોજ કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા વાંચો અને જારી કરાયેલ અને પરિપત્ર નંબર 14/2020, 17/2020, 09/2023 અને 09/2024 (ત્યારબાદ સામૂહિક રીતે 'MCA પરિપત્ર' તરીકે ઓળખાય છે), સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા રેગ્યુલેશન 44 (ના સૂચિબદ્ધ જવાબદારીઓ અને જાહેરાતની આવશ્યકતાઓ) નિયમન, 2015, સુધારેલ મુજબ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઑફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા અન્ય લાગુ કાયદા, નિયમો અને નિયમો (કોઈપણ વૈધાનિક સુધારાઓ અથવા પુનઃઅધિનિયમો સહિત)ને આધિન, કંપનીએ 10 ડિસેમ્બર 2024ના રોજ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા સ્પષ્ટીકરણ નિવેદન દાખલ કર્યું છે, એવા સભ્યોને કે જેમના નામ સભ્યોના રજિસ્ટર/ લાભદાયી માલિકોની યાદીમાં દેખાય છે અને જેમનું ઈ-મેલ આઈડી કંપની/ ડિપોઝિટરીમાં નોંધાયેલ છે. કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, 06 ડિસેમ્બર, 2024 ના રોજ નોંધાયેલ છે, પોસ્ટલ બેલેટની સૂચનામાં નિર્ધારિત વિશેષ વ્યવસાયની આઇટમ પર ઇલેક્ટ્રોનિક માધ્યમથી કંપનીના સભ્યોની મંજૂરી મેળવવા માટે.

કંપનીએ NSDL (નેશનલ સર્વિસીસ ડિપોઝિટરી લિમિટેડ) ની સેવાઓનો લાભ લીધો છે જેથી સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે તે માટે રિમોટ ઇ-વોટિંગની સુવિધા આપે. રિમોટ ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા પોસ્ટલ બેલેટની સૂચનામાં આપવામાં આવી છે. રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો બુધવાર, 11 ડિસેમ્બર, 2024ના રોજ સવારે 09:00 વાગ્યે (IST) શરૂ થશે અને ગુરુવાર, 09 જાન્યુઆરી, 2025ના રોજ સાંજે 5:00 વાગ્યે (IST) સમાપ્ત થશે. આ પછી રિમોટ ઇ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય થઈ જશે. એકવાર સભ્યએ દરખાસ્ત પર મત આપ્યા પછી, સભ્યને પછીથી તેને બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ પોસ્ટલ બેલેટ (રિમોટ ઈ-વોટિંગ દ્વારા) સભ્યો દ્વારા પસાર કરવામાં આવેલા ઠરાવો જાણે કે સભ્યોની સામાન્ય સભામાં એટલે કે ગુરુવાર, 09 જાન્યુઆરી 2025 ના રોજ પસાર કરવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે.

શુક્રવાર, 06 ડિસેમ્બર, 2024 ના રોજ સભ્યોની નોંધણી/ લાભદાયી માલિકોની યાદીમાં જે સભ્યોના નામ દેખાય છે, જે કટ-ઓફ તારીખ છે, તેઓ માત્ર દૂરસ્થ ઈ-વોટિંગ દ્વારા આ નોટિસમાં નિર્ધારિત ઠરાવો પર મત આપવા માટે હકદાર રહેશે. સભ્યોના મતદાન અધિકારો કંપનીની પેઇડ-અપ ઇક્વિટી શેર મૂડીમાંના તેમના હિસ્સાના પ્રમાણમાં હશે. પોસ્ટલ બેલેટ ફોર્મ અને પ્રીપેડ બિઝનેસ રિપ્લાય એન્વલપ સાથે પોસ્ટલ બેલેટ નોટિસની હાર્ડ કોપી આ પોસ્ટલ બેલેટ માટે સભ્યોને મોકલવામાં આવતી નથી અને સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા જ તેમની સંમતિ અથવા અસંમતિ વ્યક્ત કરવાની જરૂર છે. તે મુજબ આ પોસ્ટલ બેલેટ એમસીએના પરિપત્રોના પાલનમાં શરૂ કરવામાં આવી રહ્યું છે.

પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઇટ એટલે કે www.adinatheximresources.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ એટલે કે www.bseindia.com અને NSDLની વેબસાઇટ એટલે કે www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે. જે વ્યક્તિ કટ-ઓફ તારીખે સભ્ય નથી તેણે પોસ્ટલ બેલેટની આ સૂચના ફક્ત માહિતીના હેતુ માટે લેવી.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ઇ-વોટિંગ પ્રક્રિયાને નિષ્પક્ષ અને પારદર્શક રીતે હાથ ધરવા માટે ઐશ્વર્યા પારેખ, કાર્યકારી કંપની સચિવ (સદસ્યતા નંબરઃ F13318)ને સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કર્યા છે.

પોસ્ટલ બેલેટના પરિણામો પોસ્ટલ બેલેટ બંધ થયાના બે કામકાજના દિવસોમાં જાહેર કરવામાં આવશે અને સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડ (www.bseindia com) ને જાણ કર્યા પછી કંપનીના રજિસ્ટર્ડ ઑફિસમાં સ્ક્રુટિનાઇઝરના રિપોર્ટ સાથે પ્રદર્શિત કરવામાં આવશે. પોસ્ટલ બેલેટની માન્યતા અંગે સ્ક્રુટિનાઇઝરનો નિર્ણય આખરી રહેશે.

રિમોટ ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નો માટે, સભ્યો પલ્લવી મ્હાત્રે, સિનિયર મેનેજર, (NSDL) નેશનલ સર્વિસ ડિપોઝિટરી લિમિટેડનો સંપર્ક કરી શકે છે અથવા evoting@nsdl.com પર ઈમેલ મોકલી શકે છે અથવા 022 4886 7000 પર કૉલ કરી શકે છે. વધુમાં, પોસ્ટલ બેલેટ સંબંધિત અન્ય કોઈ પ્રશ્નો અને/અથવા ફરિયાદોના કિસ્સામાં, શેરધારકોને કંપનીનો aerlnodalofficer@gmail.com પર સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

**આદિનાથ એક્ઝિમ રિસોર્સિસ લિમિટેડ**
**સહી**
**મનોજ શાંતિલાલ સાવલા**
**ચેરમેન અને ડાયરેક્ટર** - DIN: 01529306

**સ્થળ : અમદાવાદ**
**તારીખ: ડિસેમ્બર ૧૦, ૨૦૨૪**



**નામ બદલેલ છે**

મેં મારુ જૂનું નામ વિજયકુમાર નટવરલાલ પટેલ હતું તે બદલીને નવું નામ વિજય નટવરલાલ પટેલ રાખેલ છે. સરનામુંઃ ડી/૩૦૪, ગ્રાન્ડ પુષ્કર, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦

**નામ બદલેલ છે**

મેં મારુ જૂનું નામ ગાયત્રીબેન વિજયકુમાર પટેલ હતું તે બદલીને નવું નામ ગાયત્રી વિજય પટેલ રાખેલ છે. સરનામુંઃ ડી/૩૦૪, ગ્રાન્ડ પુષ્કર, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦



**BEFORE THE MEMBER MAHARASHTRA STATE CO-OPERATIVE APPELLATE COURT MUMBAI, BENCH AT NAGPUR.**
(BEFORE Smt.V.B.KULKARNI. Member)

NO.ACN/ BC/NOTICE/PP/1349/2024
MAHA.STATE CO-OP.Appellate Court Mumbai. Bench-At Nagpur
Date- 25/11/2024

Appeal No 10/2024
Appellant.
**1.Grahak Karmachari Sahakar Bhandar Ltd, Bhandara**
**Respondent..**
1. **S.H.V. Energy Private Ltd,** through its Manager, Registered office Super Gas House, 4th Floor, S.D.E. Serena Chamber, 8-2-338, Road No.7, Punjabipura Hills, Hyderabad 32.
2. **M/s. Divisional Manager, S.H.V. Energy North West India Ltd,** 201, 2nd Floor, Avdesh House, Opp. Gurudwara, Cross Road, Ahmadabad (Gujarat).

The above named Respondent

Take notice that the above named appellant/ appellants has/ have filed M.A. and the Same is registered as appeal on dated. 01/03/2024 before the court against Judge Co-operative Court, Nagpur in Dispute no.730/2010 on Jadgment and Award passed date 25/09/2023 This court has Fixed the case on 20/12/2024 at 11.00 A.M.at Maharashtra State Co-operative Appellate Court Mumbai Bench at Nagpur Old Administrative Building No.1, 3 rd Floor Near Zilla Parishad Civil Lines Nagpur as the date of hearing. This court will hear it on that date or on subsequent date to which it may adjourn after notifying the date on the notice board.

If You do not appear on the above date Personally or through duly authorized agent, this court will hear and decide the appeal. Given Under my hand and Seal of this Court.

**By Order.**
**1. Order Passed Exh 1Reissue notice**
**2. Order Passed Exh 5Reissue notice**

COURT SEAL

**Head Clerk**
**Maharashtra State Co-op. Appellate Court (Mumbai) Bench Nagpur**



**પંજાબ નૈશનલ બૈંક punjab national bank**
**સર્કલ ઓફીસઃ એસએએમડી, છઠ્ઠા માળે, ગુજરાત ભવન, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ઈ-મેઈલ:** coahmsamd@pnb.co.in

**દેવાદારને ૬૦ દિવસની નોટીસ** **તારીખઃ ૧૫.૧૧.૨૦૨૪**

પ્રતિ,

**૧. શ્રીમતી મંજુબેન વિજયકુમાર મહેતા - પ્રકૃતી સેલ્સના પ્રોપરાઈટર (વિજયકુમાર મહેતાના પત્નિ)**
કડકીયાવાડા, મોડાસા, બોરડીવાડા કુવા પાસે, મોડાસા, સાબરકાંઠા, ગુજરાત – ૩૮૩૩૧૫ તે ઉપરાંત સીએસ નં. ૯૭૨, કડીયા ફળી, શરફ બઝાર રોડ પાસે, મોડાસા, અરવલ્લી, ગુજરાત – ૩૮૩૩૧૫.

**૨. શ્રી વિજયકુમાર આર. મહેતા – જામીનદાર (રમણલાલ મહેતાના પુત્ર)**
કડકીયાવાડા, મોડાસા, બોરડીવાડા કુવા પાસે, મોડાસા, સાબરકાંઠા, ગુજરાત – ૩૮૩૩૧૫.

આ. સાહેબ:

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના ફાઈનાન્સિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટના સિક્યોટરાઈઝશન એન્ડ રીકંસ્ટ્રકશનનાં સેક્સન ૧૩(૨) અંતર્ગત નોટીસ

**બાબતઃ એનપીએ ખાતા નં. ૫૯૪૯૦૦આઈબી૦૦૦૦૦૦૫૧ (ટર્મ લોન) અને ૫૯૪૯૦૦૮૭૦૦૦૦૦૦૪૪ (કેશ ક્રેડીટ) મે. પ્રકૃતી સેલ્સ અને / અથવા તેના (પ્રોપ. શ્રીમતી મંજુબેન વિજયકુમાર મહેતા)** દ્વારા લીધેલ ધિરાણ સવલતો.

**મે. પ્રકૃતી સેલ્સ અને / અથવા તેના (પ્રોપ. શ્રીમતી મંજુબેન વિજયકુમાર મહેતા) સરનામુંઃ** ૨૨૯, પાલનપુર, મોડાસા, સાબરકાંઠા–૩૮૩૩૧૫ દ્વારા નીચે મુજબની ધિરાણ સુવિધાઓ મેળવેલ છે.

| મંજૂર થયેલ ક્રેડીટ સુવીધા/ખાતા નં. સાથેની લીમીટ | મંજૂરી પત્ર મુજબ મંજૂર થયેલ વ્યાજ દર | વર્તમાન વ્યાજ દર | એનપીએ તા. ૩૦.૧૦.૨૦૨૪ સુધી બાકી લ્હેણા (એ) | નોંધાયેલ વ્યાજ (૦૧.૧૦.૨૦૨૩ થી ૩૦.૧૦.૨૦૨૪) (બી) | એનપીએ તારીખ પછી વસૂલાત (સી) | તા. ૩૦.૧૦.૨૦૨૪ થી કુલ બાકી લ્હેણાં (એ+બી-સી) |
|---|---|---|---|---|---|---|
| ટર્મ લોન ખાતા નં. ૦૯૯૯૬૦૧૫૦૦૧૫૨૫ લીમીટ: ૧૭,૧૦,૦૦૦.૦૦ | ૧૦.૧૫% | ૧૦.૭૦% | રૂા. ૮,૫૫,૨૦૪.૮૯ | રૂા. ૩૧,૬૩૫.૯૭ | નથી | રૂા. ૮,૮૬,૮૪૦.૮૬ |
| કેશ ક્રેડીટ ખાતા નં. ૫૯૪૯૦૦૮૭૦૦૦૦૦૪૪ લીમીટ: ૧,૯૦,૦૦૦.૦૦ | ૧૦.૧૫% | ૧૦.૭૦% | રૂા. ૧,૮૯,૮૦૪.૦૦ | રૂા. ૧૫,૪૫૭.૦૦ | નથી | રૂા. ૨,૦૫,૨૬૧.૦૦ |
| કુલ | | | રૂા. ૧૦,૪૫,૦૦૮.૮૯ | રૂા. ૪૭,૦૯૨.૯૭ | નથી | રૂા. ૧૦,૯૨,૧૦૧.૮૬ |

સરફેસી અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૨(એફ) હેઠળના વિવરણને ધ્યાનમાં રાખીને તમો બધા દેવાદાર છો.
નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ હેઠળ રૂલ-૨(એ) અંતર્ગત વિવરણ આપવામાં આવ્યુ છે.
સુવિધાને સુરક્ષિત બનાવવા માટે તારીખ ૦૮.૦૮.૨૦૧૯ના રોજ ગીરો મૂકેલની નોંધણી કરવામાં આવી હતી.
વ્યાજ / લ્હેણાં / મૂળ દેવાની રકમ ચૂકવવામાં દેવાદર થવાનાં કારણે, ભારતીય રિઝર્વ બેન્કનાં નિર્દેશાનુસાર એકાઉન્ટને **તારીખ ૩૦.૦૯.૨૦૨૪ ના રોજ નોન પરફોર્મિંગ એસેટ** મુજબ ક્લાસીફાઈડ કરેલ છે. અમોએ અમારા પત્ર તારીખ ૦૮.૧૧.૨૦૨૪ દ્વારા ઉપરોક્ત સુવિધાઓ હેઠળ વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેની રકમની બાકી બોલાવેલ છે.
બેંકની તા. ૩૦.૦૯.૨૦૨૪ના રોજ **રૂા. ૧૦,૯૨,૧૦૧.૮૬ (રૂા. દસ લાખ બાણું હજાર એકસો એક અને છયાંશી પૈસા પુરા)** સંપૂર્ણ રકમ ન ચૂકવાય ત્યાં સુધી ઉપરોક્ત સુવીધા સામે (હવેથી સુરક્ષીત દેવુ તરીકે ઉલ્લેખ કરવામા આવશે) નીચે સુવિધાઓ હેઠળ બાકીની રકમ સુરક્ષિત કરવા માટે, તમે અન્ય બાબતોની સાથે નીચે દર્શાવેલ મિલકત/અસ્ક્યામતો ને ગીરવી રાખેલ છે.

| સુવીધા | જામીનગીરી |
|---|---|
| ટર્મ લોન ૫૯૪૯૦આઈબી ૦૦૦૦૦૦૫૧ | **પ્રાથમિક જામીનગીરીઃ** પ્રકૃતી સેલ્સ (પ્રોપ. શ્રીમતી મંજુબેન વિજયકુમાર મહેતા) ની નામથી ખરીદેલ પ્લાન્ટ અને મશીનરી ની પૂર્વધારણા. |
| કેશ ક્રેડીટ ૫૯૪૯૦૦૮૭ ૦૦૦૦૦૦૪૪ | **ગૌણ જામીનગીરીઃ** સીટી સર્વે નં. ૯૭૨ પર ઘર, ટીકા નં. ૫, પ્લોટ એરીયાનું કુલ ક્ષેત્રફળ ૮૪.૪૪.૯૧ ચો.મી., નગર પાલીકા આકારણી નં. ૧૧૯૨, વોર્ડ નં. ૨, કડકીયાવાડા, મોડાસા, મોડાસા તાલુકાની અંદર, જીલ્લો અરાવલ્લી, જણાવેલ મિલકતની દીશાઃ ઉત્તરઃ કોમન દીવાલ તે પછી સીટી સર્વે નં. ૯૭૧, દક્ષિણઃ નવેરી તે પછી રોડ, પૂર્વઃ રોડ, પશ્ચિમઃ સીટી સર્વે નં. ૯૯૩ પર ઘર. |

અમો આપને **રૂા. ૧૦,૯૨,૧૦૧.૮૬ (રૂા. દસ લાખ બાણું હજાર એકસો એક અને છયાંશી પૈસા પુરા) સાથે** આગળનું કરાર દરે વ્યાજ સંપૂર્ણ રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી આ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં (સાંઠ દિવસમાં) ચૂકવવા જણાવીએ છીએ. જો તેમ કરવામાં કસૂર થશે તો બેંક દ્વારા લાગુ કરાયેલી ઉપરોક્ત સુરક્ષીત મિલકતને કાયદા હેઠળ બેંકને પ્રાપ્ત અન્ય અધિકારો લાગુ પાડવા ઉપરાંત બેંક સરફેસી કાયદા ૨૦૦૨ની કલમ ૧૩(૪) અંતર્ગત કોઈપણ કે તમામ સત્તાઓનો અમલ કરવા ઈરાદો ધરાવે છે.
આ સિક્યોર્ડ અસ્કાયમત છોડાવવા માટે સમય આપેલ છે તે અંગે સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) હેઠળની જોગવાઈ તરફ તમારૂં ધ્યાન દોરીએ છીએ.
ઉક્ત કાયદાની કલમ ૧૩(૧૩)ના સંદર્ભમાં આથી આપને નોટીસ આપવામાં આવે છે કે આ નોટીસ મળ્યા બાદ ઉપર જણાવેલી બેંકને જામીન હેઠળ આપેલી કોઈપણ સુરક્ષિત અસ્ક્યામતો બેંકની પૂર્વ મંજૂરી વગર વેચાણ, લીઝ કે અન્યથા (બિઝનેસનાં સામાન્ય ક્રમ સિવાય) તબદિલ કે હસ્તાંતર કરશો નહીં. તમોને એ પણ તાકિદ કરવામાં આવે છે કે ઉક્ત કાયદાની જોગવાઈ હેઠળ આ વૈધાનિક મનાઈ હૂકમ / નિયત્રણનો ભંગ ઉલ્લંઘન એ ગૂનો બને છે. કોઈ કારણસર સુરક્ષીત અસ્ક્યામતો બિઝનેસનાં સામાન્ય ક્રમમાં વેચાણ કે લીઝ આપવામાં આવશે તો તેના વેચાણ દ્વારા થયેલી આવક/ રકમ બેંક સાથે / બેંકને જમા કરવામાં કે મોકલવામાં આવશે. આ પ્રકારની આવક / વસૂલાતનાં યોગ્ય હીસાબો રજૂ કરવા માટે આપ જવાબદાર રહેશો.
* અમે અન્ય સુરક્ષિત મિલકતો લાગુ કરવાના અમારા અધિકાર સુરક્ષિત રાખીયે છીએ.
કૃપા કરીને આ નોટીસ હેઠળના આ માંગણાની પૂર્તતા કરીને તમામ પ્રકારની અણગમતુ પગલું અટકાવો જો આપ પૂર્તતા કરવામાં નિષ્ફળ જશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામા આવશે જેના તમામ ખર્ચ, કિંમત અને પરીણામો માટે આપ જવાબદાર ઠરશો.
* ડીઆરટી/કોર્ટ સમક્ષ કાનૂનિ કાર્યવાહી કરવાની વાત કરતી બેંકને પૂર્વગ્રહ વિના આન નોટીસ જારી કરવામાં આવે છે, કારણકે તે કેસ હોઈ શકે છે.
* ડીઆરટી/કોર્ટ સમક્ષ પેન્ડીંગ દાવા/દાવા માં બેંકના અધિકાર અંગે પૂર્વગ્રહ રાખ્યા વિના આ નોટીસ જારી કરવામાં આવી છે.

**સ્થળઃ અમદાવાદ** **સહી/- અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**